ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૪.૬ ડીગ્રી
લઘુતમ : ૧૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૨૨ ટકા

# સંસ્કૃતિકુંજમાં ૨૫મીથી વસંતોત્સવ

## ઉત્સવપ્રિય પ્રજાના ઉત્સાહમાં વધારો કરતું પર્વ એટલે વસંતોત્સવ








ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરાઓ આતુરતાપૂર્વક જેની રાહ જોતા હોય છે, તેવાં પખવાડિક મહોત્સવ 'વસંતોત્સવ'નો ૨૫મી ફેબ્રુઆરીએ સાંજે ૭.૦૦ કલાકે સંસ્કૃતિકુંજ ખાતે શુભારંભ થવા જઈ રહ્યો છે. શહેરની ઓળખસમા સંસ્કૃતિકુંજમાં દર વર્ષે વસંતોત્સવની ઉજવણી કરવામાં આવે છે. દેશભરમાંથી મોટી સંખ્યામાં લોકો સંસ્કૃતિના આ મેળાવડામાં મ્હાલવા ઉમટી પડે છે.

સંસ્કૃતિકુંજમાં ૨૫મી ફેબ્રુઆરીથી ૧૦મી માર્ચ સુધી વસંતોત્સવની ઉજવણી કરવામાં આવશે. વસંતોત્સવમાં દેશના અલગ અલગ રાજયોમાંથી આવેલા કલાકારો તેમના લોકનૃત્યો પ્રજા સમક્ષ પ્રસ્તુત કરે છે. આ ઉપરાંત, વસંતોત્સવમાં હસ્તકલા હાટનું પ્રદર્શન પણ યોજવામાં આવે છે. ૨૫મી ફેબ્રુઆરીએ વસંતોત્સવના શુભારંભ સમારોહમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ તથા રાજયકક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલ ઉપસ્થિત રહેશે. રાજયકક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલ દ્વારા વસંતોત્સવનું ઉદઘાટન કરવામાં આવશે. સમારોહમાં અતિથિ તરીકે પ્રભારી મંત્રી પરબત પટેલ, સચિવ વી.પી. પટેલ તેમજ મેયર પ્રવિણ પટેલ હાજરી આપશે.

શહેરની ઉત્સવપ્રેમી જનતા પખવાડિક મહોત્સવ માટે ઓછામાં ઓછા બે દિવસ તો ફાળવી જ લે છે. સમગ્ર ગુજરાતની પ્રજા હોંશે હોંશે સંસ્કૃતિકુંજ આવીને વંસતના વધામણા કરે છે. સંસ્કૃતિકુંજમાં વસંતોત્સવ દરમિયાન વિવિધ રાજયોના લોકનૃત્યો જેવા કે રાજસ્થાનના ભપંગવાદન અને કાલબેલિયા, મહારાષ્ટ્રનું લેજીમ, બરેડી અને આદિવાસી, ગોવાનું દેખણી અને કલ્શી કુગડી, પંજાબના ભાંગડા સહિત બચ નગમા રોફ અને ગીદ્દા, ઉત્તરપ્રદેશનું ડેડિયા, આસામનું બીહુ તથા મણિપુરનું લાઈ હારોબા પ્રસ્તુત કરવામાં આવે છે. આ ઉપરાંત મિઝોરમનું મુગંતીયા અને પુંગ ઢોલ ચોલમ, સિક્કમનું ચાંડી અને તગંગસેલો, ઓરિસ્સાનું ગોટીપુઆ, પશ્ચિમ બંગાળનું પુરૂલિયા છાઉ તેમજ કેરલાનું કલરિપ્પયટ્ટુ લોકનૃત્ય કલાકારો દ્વારા સંસ્કૃતિપ્રેમીઓ સામે રજૂ કરવામાં આવશે. વસંતોત્સવમાં વિવિધ રાજયોના કલાકારો દ્વારા પ્રસ્તુત કરાતા લોકનૃત્યો આપણી નજર સમક્ષ સમગ્ર ભારતનું ચિત્ર ખડું કરી દે છે. એક જ જગ્યાએ કાશ્મીરથી કન્યાકુમારી અને કચ્છથી કલકત્તા સુધીના નૃત્યો જોવા એ પણ એક અનેરો લ્હાવો છે.

વસંતોત્સવમાં વિવિધ રાજયોના લોકનૃત્યો ઉપરાંત ગુજરાતના આદિજાતિ તેમજ તુરી બારોટ કલાકારોના વિવિધ નૃત્યો પણ પ્રજામાં ખાસ્સુ આકર્ષણ જમાવે છે. વસંતોત્સવ દરમિયાન દરરોજ સાંજે ૭ થી રાત્રે ૧૦ વાગે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાશે. આ ઉપરાંત, બપોરે ૨ થી રાત્રિના ૧૦ કલાક સુધી હસ્તકલા હાટ પ્રદર્શનમાં કારીગરો દ્વારા બનાવાયેલા હસ્તકળાના નમૂનાનું વેચાણ કરવામાં આવશે.

સંસ્કૃતિકુંજમાં આ વર્ષનું મુખ્ય આકર્ષણ 'એડવેન્ચર સ્પોર્ટસ' છે. બાળકોનું મનોરંજન કરવાના હેતુથી એડવેન્ચર સ્પોર્ટસનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મોટેરાઓ પણ ભાગ લઈ શકશે. ગાંધીનગરાઓને પ્રિય વસંતોત્સવનો ટૂંક સમયમાં શુભારંભ થઈ રહ્યો છે ત્યારે મોટી સંખ્યામાં નાગરિકો આ પખવાડિક મહોત્સવની મુલાકાત લેશે.

## વાતવાતમાં

● સરગાસણ ચાર રસ્તા પાસે સોશ્યલ મિડીયાના કેફમાં મદમસ્ત બનેલા એક કારચાલક યુવાનને ટ્રાફિક પોલિસે રોકી મેમો આપવાનો પ્રયત્ન કરતા આ યુવાને કોલીસકર્મીની છાતી આગળ પાંચસોની નોટ રાખી તેના સ્માર્ટફોનથી વિડીયો ઉતારી પોલીસને 'ફસાવી' દેવાની સ્માર્ટનેસ બતાવવા પ્રયત્ન કર્યો હતો. છેવટે આ યુવાનના પિતાને પોલિસ સ્ટેશને આવી 'ઓન કેમેરા' માફી માંગવા સાથે અને માફીનો વિડીયો સોશ્યલ મિડિયાનો દુરુપયોગ કરનારાઓ માટે સબક બને તેવી પરવાનગી પણ આપવી પડી હતી.

● ઉવારસદ ખાતેની કર્ણાવતી ડેન્ટલ કોલેજમાં ફી વધારા મુદ્દે હોબાળો મચી જવા પામ્યો હતો. આ હોબાળા દરમિયાન એક મિડીયાકર્મી સાથે કોલેજના સિક્યુરિટી ગાર્ડે ઝપાઝપી કરી હતી.

● ગાંધીનગરમાં વધુ એક મહિલા ખાતેદાર ફોન દ્વારા થતી છેતરપીંડીનો ભોગ બન્યા છે. ફોન પર મહિલાને વિશ્વાસમાં લઈ તમામ વિગતો જાણી લીધા બાદ તેના ખાતામાંથી રૂ. ૧૯ હજારની રકમની છેતરપીંડી કરનારે ઉઠાવી લીધી હતી.

## એક તરફી પ્રેમમાં પાગલ યુવતીથી ગાંધીનગરના એક નાયબ મામલતદાર પરેશાન...!

**નાયબ મામલતદારની બે વાર સગાઈ તુટી ગઈ : યુવતીથી બચાવવા બીજીવાર પોલિસને અરજી કરી : યુવતી ઓફીસે જઈને આંટા મારે છે : પોલિસે યુવતીનું નિવેદન લઈ માફીનામું લખાવ્યું**

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લામાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા યુવા અધિકારીના એક તરફી પ્રેમમાં એક યુવતી પાગલ થઈ ગઈ છે. નાયબ મામલતદારની ઓફીસ પાસે જઈને યુવતી આંટા મારવાનું શરુ કરી દે છે. અગાઉ પોલિસની મધ્યસ્થી બાદ સમજાવટ થઈ ચુકી હોવા છતાં આ યુવતીએ ફરી ઓફીસે આંટા મારવાનું શરુ કર્યુ હતું. બે વાર તો નાયબ મામલતદારની સગાઈ તુટી ગઈ છે. પરેશાન થઈ ગયેલા આ નાયબ મામલતદારે ફરી પોલિસ સ્ટેશનમાં યુવતીથી બચાવવા અરજી કરતા પોલિસે ગઈ કાલે યુવતીને બોલાવી હતી. યુવતીએ માફીનામું લખીને હવે તે દિશામાં નહીં જવા બાંહેધરી આપી હોવાનું સુત્ર પાસેથી જાણવા મળ્યું છે.

સુત્ર પાસેથી મળતી માહિતી મુજબ જિલ્લામાં ફરજ બજાવતા એક યુવા ડેપ્યુટી મામલતદારને તેમની જ એક પરીચિત યુવતી એક તરફી પ્રેમમાં પડી ગઈ છે. આ યુવતી ઘણા સમયથી ડે. મામલતદાર પાછળ પડી ગઈ છે. બે વાર યુવતીના કારણે તેમની સગાઈ તુટી ગઈ હોવાનું અને એકવાર કંટાળીને ડે. મામલતદારે આપઘાતનો પ્રયાસ પણ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. અગાઉ હેરાનગતિ પરાકાષ્ટાએ પહોંચતા પોલિસ સ્ટેશનમાં અરજી કરી હતી. પોલિસે તે સમયે યુવતી પાસે માફી મંગાવી આમ ફરી ન કરવા સમજાવ્યું હતું. માંડ આ મામલો શાંત પડયો હતો ને ફરી હમણાં થોડા સમયથી આ યુવતીએ નાયબ મામલતદારની ઓફીસમાં આંટા શરુ કરી દીધા હતા. પરેશાન થઈ ગયેલા ડે. મામલતદારે આખરે ફરી પોલિસ સ્ટેશન અરજી કરતા પોલિસે ગઈ કાલે યુવતીને પોલિસ સ્ટેશન બોલાવી હતી અને યુવતીનું નિવેદન લઈ માફી પત્ર લખાવી હવે આમ નહીં કરે તેવી લેખિત બાંહેધરી લીધી હોવાનું જાણવા મળ્યું છે.

## જીટીયુ દ્વારા સેન્ટ્રલ ટેકફેસ્ટનું આયોજન

**માર્ચમાં યોજાનારા સેન્ટ્રલ ટેકફેસ્ટની આજે વેબસાઈટ અને લોગો લોન્ચ કરાયા**

ગાંધીનગર, તા.૨૨

વિશ્વકર્મા સરકારી ઈજનેરી કૉલેજ દ્વારા અને એલ. એમ. કોલેજ ઓફ ફાર્મસીની સહભાગીતા સાથે તારીખ ૧૪-૧૫-૧૬ માર્ચ ૨૦૧૮ના રોજ **GTU Central TechFest** નું આયોજન કરવા જઈ રહી છે. આ ટેકફેસ્ટની મુખ્ય થીમ ×હેરી-ટેક× છે, જેનો હેતુ લોકોમાં આપણાં સમૃદ્ધ વારસા અને ટૅકનોલોજીની અજાયબીઓને ઉજાગર કરવાનો છે.




આજે જીટીયુ ખાતે સેન્ટ્રલ ટેકફેસ્ટની વેબસાઈટ અને લોગોને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીનાં વાઈસ-ચાન્સેલર ડૉ. નવીન શેઠ દ્વારા લૉન્ચ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિજીઇસીના આચાર્યા ડૉ. રાજુલ ગજ્જર, જીટિયુના રજિસ્ટાર ડૉ. શૈલેષ પંચાલ, એલ.એમ.સી.પી.ના ટેકફેસ્ટનાં ફેકલ્ટી કોર્ડીનેટર ડૉ. સુનિતા ગોસ્વામી, વિજીઇસીના ફેકલ્ટી કોર્ડીનેટર પ્રોફેસર ડી.પી. મહેશ્વરી હાજર રહ્યાં હતાં. આ પ્રસંગે વિજીઇસીના આચાર્યા ડૉ. રાજુલ ગજ્જરે ટેકફેસ્ટનાં આયોજન માટે વિદ્યાર્થીઓમાં જુસ્સો વધારવાની સાથે ઈજનેરી કૉલેજોમાં યોજાતા ટેકફેસ્ટનાં મહત્વની સમજ આપી હતી.

આ વર્ષે યોજાનાર **GTU Central TechFest**માં ૪૦થી વધુ ટેકનીકલ પ્રતિયોગીતાઓ, ૧૫થી વધુ નોન-ટેકનીકલ પ્રતિયોગીતાઓ, રોબોટીક્સની પ્રતિયોગીતાઓ, એટીવી ચેમ્પિયનશીપ, વર્કશોપ, તજજ્ઞો સાથે ચર્ચા, ક્વીઝ, વિશ્વયંત્ર જેવી વિવિધ પ્રકારની પ્રતિયોગીતાઓનું આયોજન કરવામાં આવેલ છે. જેના દ્વારા વિદ્યાર્થીઓમાં તેમની પ્રતિભા દર્શાવવા અને તેમની કુશળતા વિકસાવવા માટે તકો ઊભી કરવાનું લક્ષ્ય છે.

આ ઉત્સવને અનુલક્ષીને તારીખ ૧૧ માર્ચ ના રોજ મેરેથોન આયોજિત કરવામાં આવી છે. જેમાં ૩૦૦૦ થી વધુ લોકો ૭ કિમી ની દોડ કરશે. આ દોડની પાછળનો મુખ્ય હેતુ લોકોમાં પર્યાવરણ અને આપણાં વારસા વિશે જાગૃતિ ફેલાવવાનો છે.

## સ્વ. ભાનુપ્રસાદ વણકરને શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૨૨

સમાજહિત માટે પોતાના દેહનું બલિદાન આપનાર સામાજિક કાર્યકર સ્વ. ભાનુપ્રસાદ વણકરને શ્રદ્ધાંજલિ આપવા માટે ૨૪મી ફેબ્રુઆરીને શનિવારે ૩.૩૦ કલાકે સેકટર-૧૨માં આવેલા ડૉ. આંબેડકર હોલ ખાતે શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રદ્ધાંજલિ સભામાં અનુસૂચિત જાતિના દરેક સંગઠનોના પ્રતિનિધિઓ તથા શહેરના નાગરિકોને આ સભામાં ઉપસ્થિત રહેવા માટે અનુસૂચિત જાતિ એકતા મંચના પ્રમુખ સોમ વાઘેલા દ્વારા અપીલ કરવામાં આવી છે.

## શહેરમાં બ્રેસ્ટ કેન્સર અવેરનેસ માટે કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ૨૫મી ફેબ્રુઆરીએ બપોરના ૧૧ થી ૧૨ કલાક દરમિયાન સેકટર-૧૬ સ્થિત બ્રહ્મભવનમાં બ્રેસ્ટ કેન્સર અવેરનેસ વિષય પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. મહિલાઓમાં જાગૃતિ લાવવાના હેતુથી આયોજિત આ કાર્યક્રમમાં નિષ્ણાંત ડૉકટરો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. શહેરની મહિલાઓને આ કાર્યક્રમમાં સહભાગી બનવા માટે બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા અપીલ કરવામાં આવી છે.

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા.૨૨

મહાન વૈજ્ઞાનિક ડૉ. સી.વી. રામનની યાદમાં ૨૮ ફેબ્રુઆરીના રોજ ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' તરીકે ઉજવાય છે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગુજરાત સરકાર દ્વારા પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પણ દર વર્ષે આ દિવસની ઉજવણી વિવિધલક્ષી કાર્યક્રમોના આયોજન દ્વારા કરવામાં આવે છે. દર વર્ષે આ દિવસની ઉજવણી વિવિધ થીમ આધારિત કરવામાં આવે છે. આ વર્ષની થીમ ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજી રાખવામાં આવી છે. આ થીમ આધારિત વિવિધ કાર્યક્રમો નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા તા. ૨૩-૨-૨૧૦૮થી ૨૮-૨-૨૦૧૮ સુધી યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે.

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી અંતર્ગત તા. ૨૬મી ફેબ્રુઆરીના દિવસે શિહોલી મોટી ખાતે ગ્રામજનો માટે 'વહેમ અને અંધશ્રધ્ધા નિવારણ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગ્રામજનોને વહેમ અને અંધશ્રધ્ધા નિવારણના વિવિધ પ્રયોગો બતાવી તેની પાછળના વૈજ્ઞાનિક રહસ્યોની સમજણ આપવામાં આવશે. આ ઉપરાંત સે-૧૫ની વી.પી.એમ.પી. પોલિટેકનીક કોલેજ ખાતે ડિપ્લોમાં એન્જીનિયરીંગના વિદ્યાર્થીઓ માટે 'ફન વિથ કેમેસ્ટ્રી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થીઓને રસાયણ વિજ્ઞાનના રસપ્રદ પ્રયોગો બતાડવામાં આવશે.

સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સે-૭ ખાતે વિદ્યાર્થીઓ માટે મોડેલ રોકેટરી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થીઓને સીંગલ સ્ટેજ રોકેટ, ડબલ સ્ટેજ રોકેટ, પેરાશુટ રોકેટ વગેરે બનાવતા શીખવાડવામાં આવશે રોકેટ પાછળના વિજ્ઞાનની પણ સમજ આપવામાં આવશે. વિદ્યાર્થીઓ જાતે રોકેટ બનાવી તેનું લોન્ચીંગ પણ કરશે.

નિસર્ગ સાયન્સ દ્વારા સ્વામિનારાયણ ધામ શાળા ખાતે પોપ્યુલર લેકચરનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો વિષય ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજીની ભૂમિકા રાખવામાં આવ્યો છે.

મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સે-૧૬ ખાતે વિદ્યાર્થીઓ માટે 'ટકાઉ ઉર્જા માટે ઉર્જા બચત કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થીઓને ઉર્જાની જરૂરિયાત, ઉર્જાના સ્ત્રોતો વિશે વિગતવાર માહિતી આપવામાં આવશે.

તમામ કાર્યક્રમો અંગે વધુ માહિતી માટે નિસર્ગ સાયન્સ સેન્ટરનો સંપર્ક સાધવા જણાવાયુંછે.

## ઝુંડાલ પાસેથી ખીચોખીચ ભેંસો ભરેલી ટ્રક પકડાઈ

**એનિમલ ક્રુએલ્ટી એકટ હેઠળ ગુનો નોંધી અડાલજ પોલિસે ૧૪ ભેંસો ભરેલી બિનવારસી ટ્રક જપ્ત કરી**

ગાંધીનગર, તા.૨૨

અડાલજ નજીક ઝુંડાલ ગામ પાસેથી અડાલજ પોલિસે ચોકકસ બાતમીને આધારે ખીચોખીચ ભેંસો ભરેલી બિનવારસી ટ્રકને જપ્ત કરી લીધી હતી. પશુઓને માટે વ્યવસ્થિત પીવાનું પાણી કે ખાવા માટેની કોઈ વ્યવસ્થા પણ કરી ન હોવાથી એનિમલ ક્રુએલ્ટી એકટ હેઠળ ગુનો દાખલ કરીને ટ્રક જપ્ત કરી અડાલજ પોલિસે ટ્રક નંબર આધારે ફરાર આરોપી સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

અડાલજ પી.આઈ. જે.જી. વાઘેલાની ટીમ પેટ્રોલીંગમાં હતી દરમિયાન ઝુંડાલ બસ સ્ટેન્ડ નજીકથી ભેંસો ભરેલી ટ્રક પસાર થતી હોવાની બાતમી ટીમને મળી હતી. અડાલજ પોલિસની ટીમ સ્થળ પર ઝુંડાલ પહોંચી તો ટ્રક બિનવારસી પડી હતી. ટ્રકમાં ૧૪ ભેંસો ખીચોખીચ ભરેલી હતી. રૂ.૧.૪૦ લાખની કિંમતની ભેંસો તથા રૂ. ૫ લાખની કિંમતનો ટ્રક જપ્ત કરી લઈ અડાલજ પોલિસે એનિમલ ક્રુએલ્ટી એકટ હેઠળ ગુનો દાખલ કર્યો છે. ટ્રક મુકીને ફરાર થઈ ગયેલા આરોપી સુધી પહોંચવા પોલિસે ટ્રક નંબરને આધારે માલિકને પકડવા ગતિવિધી તેજ કરી છે. જો કે હજુ સુધી આરોપી સુધી અડાલજ પોલિસ પહોંચી શકી નથી.

## પાલજમાં હોળીના અંગારા પર શ્રધ્ધાળુઓ ચાલશે

ગાંધીનગર, તા.૨૨

પાલજની પ્રખ્યાત હોળી ૧લી માર્ચને ગુરુવારે સાંજે ૬ કલાકે પાલજના મહાકાલી માતાના મંદિરે પ્રગટાવાશે. પાલજમાં ઘણા વર્ષોથી પરંપરાગત રીતે હોળીનો મહિમા ઉજાગર કરવામાં આવે છે. પાલજ મહાકાલી માતાના મંદિરે લોકો હોળીના અંગારા ઉપર ખુલ્લા પગે ચાલીને પોતાની મનોકામના પૂર્ણ કરે છે. પાલજમાં હોળી નિમિત્તે મોટો મેળો ભરાય છે. હોળી નિમિત્તે મહાકાલી માતાના મંદિરે હોળી પ્રગટાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

## કાગડાની ચુંગાલમાંથી છોડાવનાર યુવાનનું મિત્ર બન્યું કબૂતર..!!



માનવી હોય કે પશુ-પંખી, તમામ પ્રાણીઓ પ્રેમની ભાષા સારી રીતે સમજે છે અને સંકટની ઘડીમાં સાથ આપનાર જ સાચો સગો હોય છે તેટલી સમજ અબોલ પંખીઓમાં પણ સહજ રીતે હોય છે. ગાંધીનગરના સેકટર-૧૧માં અખબાર ભવનના પ્રાંગણમાં એક કબૂતરના બચ્ચાંને બે ત્રણ કાગડાં ચાંચો મારી પરેશાન કરી રહ્યા હતા. ગભરાઈ ગયેલું કબૂતરનું બચ્ચું ઉડી પણ નહોતું શકતું તેવી હાલત આ કર્કશી કાગડાંઓએ તેની કરી દીધી હતી ત્યારે અખભાર ભવન ખાતે કેન્ટિનનું સંચાલન કરતા રાહુલ પ્રજાપતિ નામનો યુવાન તેની વ્હારે ધાયો હતો. રાહુલે આ કબૂતરના બચ્ચાંને કાગડાંઓની ચુંગાલમાંથી છોડાવી સહી સલામત સ્થાને બેસાડયું પછી તેના માટે દાણા-પાણીની વ્યવસ્થા કરી હતી. થોડીવાર પછી સ્વસ્થ થયેલું આ કબૂતર પણ તેના તારણહારને બરાબર ઓળખી ચુકયું હતું તેથી જાણે તેની ઘનિષ્ઠ મિત્રતા હોય તેમ કયારેક રાહુલના ખભા પર તો કયારેક હાથ પર બેસી જવા લાગ્યું હતું. આ દશ્ય જોઈ અખબાર ભવન સંકુલે ઉપસ્થિત સૌ કોઈ બોલી ઉઠયા હતા કે 'વાહ, દોસ્તી હો તો એસી...!'

## ચિરવિદાય

- સ્વ. દયાશંકર શિવગોવિંદ ચતુર્વેદી, ઉ.વ. ૬૨
- સ્વ. હિરાલક્ષ્મીબેન ભૂપતરાય જોશી, ઉ.વ. ૮૩
- સ્વ. સુરજબેન ગાભુજી ઠાકોર, ઉ.વ. ૬૫
- સ્વ. મગનભાઈ ફુસાભાઈ પરમાર, ઉ.વ. ૬૫

# આજે સે-૭માં ૨૫૧મી વાર ખિચડી પ્રસાદ પીરસાયો

## યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટના દર ગુરુવારે ખિચડી પ્રસાદના સેવા કાર્યને પાંચ વર્ષ સંપન્ન થયા



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રમજીવી પરિવારોને દર ગુરુવારે ખિચડી પ્રસાદ ખવડાવવાનું સદકાર્યનું આજે ૨૫૧મું ચરણ યોજાયું હતું. છેલ્લા પાંચ વર્ષ અને એક માસથી આરંભાયેલ આ સેવા કાર્ય થકી દર સપ્તાહે આશરે ૩૫૦ જેટલી જરૂરિયાતમંદ વર્ગની વ્યકિતઓની પેટની આંતરડી ઠરે છે.

'ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાનું જળ થાજો જીવન મારું અંજલિ થાજો...!' આ સુપ્રસિધ્ધ પ્રાર્થનાની પંકિતઓને જાણે ગાંધીનગરની સેવાભાવી સંસ્થા યુનાઈટેડ ચેરિટેબલના સ્વયંસેવકોએ જીવનમાં ચરિતાર્થ કરવાની નેમ લીધી છે. પાંચ વર્ષ પૂર્વે સે-૭માં દર ગુરુવારે જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોને સપ્તાહમાં એક દિવસ ભોજન પુરું પાડવાનો શ્રમયજ્ઞ હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટના ડૉ. હાર્દિક તલાટી તથા ડૉ. યજ્ઞેશ ત્રિવેદી સહિત અન્ય પાંચેક સ્વયંસેવકો આ સેવાકાર્યમાં જોડાય છે. આ સેવાકાર્યનો આશરે ૩૫૦ જેટલા વ્યકિતઓ દર સપ્તાહે લાભ લે છે. યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટના ડૉ. હાર્દિક તલાટીએ જણાવ્યું હતું કે, 'જયારથી આ સેવાકાર્ય હાથ ધર્યું છે ત્યારથી અમે દર ગુરુવારે ૪૮ થી ૫૦ કિલો જેટલી ખિચડી જાતે બનાવીને જરૂરિયાતમંદોને પીરસીએ છીએ. ઉનાળાની ઋતુમાં ખિચડી સાથે છાશ પણ પીરસીએ છીએ. આ ઉપરાંત અનેક દાતાઓ તેમના સ્નેહીજનોની જન્મતિથી કે પુણ્યતિથી પર સહયોગ આપે ત્યારે ખિચડી સાથે મિઠાઈ પણ પીરસવામાં આવે છે.'